**GJAN080011132020**

सत्यमेव जयते

## ઉમરેઠના મહેરબાન એડિશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉમરેઠ.

**ક્રિમી.કેસ નં. ૯૭૨/૨૦૨૦**
**આંક–**

**નોવેલ્ટી કિરાણા સ્ટોરના માલિક**
**અમરીશ સીતારામ ગુપ્તા**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો:– વેપાર,
રહે.ઉમરેઠ, ઠે.રણછોડરાય શોપીંગ સેન્ટર,
તા.ઉમરેઠ, જી.આણંદ ...... **ફરીયાદી**

**વિરૂધ્ધ**

**ભાવેશકુમાર કિરીટભાઈ સોલંકી**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી,
રહે. સીમલજ, ઠે.સોલંકી ફળિયું,
તા.ઠાસરા જી.ખેડા ...... **આરોપી**

**બાબત:– ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ....**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરીયાદપક્ષે : વિ.વ.શ્રી બી.એસ.સોલંકી
આરોપી તરફે : વિ.વ.શ્રી ડી.બી.રોહીત

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**::- ચુ કા દો -::**

**(૧)** ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના તો.દાર ઉપરોકત સરનામે રહી ખેતી કરે છે, અને ફરીયાદી ગામ ઉમરેઠમાં રહી નોવેલ્ટી કિરાણા સ્ટોરના માલિક જે અનાજ કરીયાણાનો ધંધો કરે છે અને વેપાર ધંધો કરી જીવન ગુજરાન ચલાવે છે. આ કામના તો.દાર ફરીયાદીની દુકાને અવાર-નવાર અનાજ કરીયાણું લઈ જતા હોય એટલે આ કામના તો.દારની ફરીયાદી સાથે ઓળખાણ થયેલી જેથી ધંધાકીય સંબંધ સારા કેળવાયેલા. આ કામના તો.દાર ફરીયાદી પાસેથી સને-૨૦૧૯ ના મે માસમાં ઘરે લગ્ન પ્રસંગ હોય રૂ.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાનું અનાજ કરીયાણું બાકી (ઉધાર) લઈ ગયેલા અને જણાવેલ કે લગ્ન પ્રસંગ બાદ ૬ માસમાં નાણાં આપીશ ત્યારબાદ ફરીયાદીએ લેણાની રકમની અવાર-નવાર ઉઘરાણી કરતા લેણાની રકમ પેટે રૂ.૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરાનો તા.૨૦/૦૩/૨૦૨૦ના રોજનો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ડાકોર શાખાનો ચેક નં. ૬૯૫૨૭૪ નંબરનો તમારા ખાતાનો સહી વિગતો ભરી માગણાં પેટે ચેક આ કામના તો.દારે ફરીયાદી નોવેલ્ટી કિરાણા સ્ટોરના નામનો ચેક આપેલો અને ફરીયાદી સદર ચેકના ધારણકર્તા બનેલા. જેથી ફરીયાદીએ આ કામના તો.દારના જણાવ્યા મુજબ સદર ચેક તા.૧૪/૦૫/૨૦૨૦ ના રોજ અક્ષીસ બેન્ક ઉમરેઠ શાખામાં ભરેલો અને અક્ષીસ બેન્ક ઉમરેઠ શાખાએ તા.૧૫/૦૫/૨૦૨૦ ના રોજ કારણ નં. ૧. ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલ આમ, તમો તો.દારે ફરીયાદીને ચેક આપતાં સમયે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો અને જણાવેલ કે પાકતી મીતીએ ચેક બેન્કમાં રજુ કર્યેથી નાણાં તરત જ મળી જશે આમ તમો તો.દારે આપેલ ચેકની અવેજની રકમ ફરીયાદી ને મળે નહી માટે તમારા ખાતામાં ચેકની અવેજ પુરતુ ભંડોળ ન હોવા છતાં તમો તો.દારે ખોટી રીતે નાણાં ન મળે તે રીતે ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે જેથી આ કામના તો.દારે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો જેનો ભંગ કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ વકીલ મારફતે રજી.

નોટીસ તાઃ ૨૭/૦૫/૨૦૨૦ ના રોજ આપેલ છે. જે નોટીસ તો.દારને તાઃ૦૯/૦૬/૨૦૨૦ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં તો.દારે નોટીસનો કોઈ જવાબ આપેલો નથી કે ફરીયાદીને કોઈ નાણાં ચુકવેલ નથી. જેથી આ કામના તો.દારે ગેરકાયદેસરનું કૃત્ય કરી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલો હોય, જેથી આ કામના તો.દાર સામે હાલની ફરીયાદ દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૨) ઉપર મુજબ ફરીયાદીની ફરીયાદ આરોપી સામે દાખલ કરવામાં આવતાં પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આરોપી સામે ધી નેગોશીયેબલ એકટ કલમ-૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરેલ હતો. જે મુજબ આરોપીને સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં આંક-૦૮ થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં હાલનો કેસ ગુણદોષ પર આગળ ચલાવવામાં આવેલો.

(3) હાલના કામે ફરીયાદપક્ષે તથા આરોપીપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**ફરીયાદી તરફે રજુ મૌખિક પુરાવાઃ-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદપક્ષે સાહેદ તરીકે ફરીયાદી અમરીશ સીતારામ ગુપ્તાનાઓનું પુરાવાનું સોગંદનામુ | ૨૧ |

**આરોપી તરફે રજુ મૌખિક પુરાવાઃ-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | આરોપીપક્ષે સાહેદ તરીકે આરોપી ભાવેશકુમાર કિરીટભાઈ સોલંકીનાઓનું પુરાવાનું સોગંદનામુ | ૩૫ |

## ફરીયાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા:–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ આપેલ ચેક અસલ | ૨૨ |
| ૨. | ચેક રીટર્ન મેમો | ૨૩ |
| ૩. | આરોપીને મોકલેલ નોટીસની સ્થળપ્રત | ૨૪ |
| ૪. | નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી એક્નોલેજમેન્ટ | ૨૫ |
| ૫. | એક્નોલેજમેન્ટ | ૨૬ |

(૪) હાલનાં કામે દસ્તાવેજોને આંકે પડાવવા માટે ફરીયાદપક્ષે આંક–૨૦ થી અરજી આપતાં આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૧ (૨) જી.એલ.એચ. પાના નં ૫૪૫ બીપીન શાંતીલાલ પંચાલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ અને તે આધાર અત્રેની કોર્ટ ધ્વારા આંક–૨૦ તળે હુકમ કરી નિ.૧૯/૧ થી નિ.૧૯/૫ વાળા દસ્તાવેજ ને અનુક્રમે **આંક–૨૨ થી આંક–૨૬** આપવામાં આવેલ.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદીનો પુરાવો પુરો થયા બાદ હાલનું કામ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ. જે અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓને બચાવના સાહેદ તપાસવા છે તથા સોગંદ પર જુબાની આપવી છે તેવુ જણાવેલ હતુ ત્યારબાદ આરોપીપક્ષ દ્વારા આંક–૩૫ થી તેઓનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આરોપી હાજર ન રહેતા આરોપીનો સદર પુરાવો આંક–૩૮

તળે હુકમ કરી ડિસ્કાર્ડ કરવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામ પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવતા, હાલના કામે ફરીયાદીએ આંક–૩૯ થી દલીલની પુરસીસ રજુ કરી તેઓના પુરાવાના સોગંદનામાંને દલીલ તરીકે ગણી લેવાની હકીકત જાહેર કરેલ છે. જેથી તેઓના સરતપાસના સોગંદનામાંની હકીકતને દલીલ ગણવામાં આવેલ છે. વધુમાં આરોપીની દલીલનો હક્ક આંક–૪૧ તળે હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

**(૬)** આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત તથા તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદપક્ષે કરવામાં આવેલી રજુઆતો ધ્યાને લેતાં સદર ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુદ્દા –::**

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના તો.દાર ઉપરોકત સરનામે રહી ખેતી કરે છે, અને ફરીયાદી ગામ ઉમરેઠમાં રહી નોવેલ્ટી કિરાણા સ્ટોરના માલિક જે અનાજ કરીયાણાનો ધંધો કરે છે અને વેપાર ધંધો કરી જીવન ગુજરાન ચલાવે છે. આ કામના તો.દાર ફરીયાદીની દુકાને અવાર–નવાર અનાજ કરીયાણું લઈ જતા હોય એટલે આ કામના તો.દારની ફરીયાદી સાથે ઓળખાણ થયેલી જેથી ધંધાકીય સંબંધ સારા કેળવાયેલા. આ કામના તો.દાર ફરીયાદી પાસેથી સને–૨૦૧૯ ના મે માસમાં ઘરે લગ્ન પ્રસંગ હોય રૂ.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરાનું અનાજ કરીયાણું બાકી (ઉધાર) લઈ ગયેલા તેની પરત ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને આંક–૨૨ વાળો વાદગ્રસ્ત ચેક આપેલ, જે ચેક ફરીયાદીએ પોતાની બેંકના ખાતામાં કલીયરીંગ માટે નાંખતા સદર ચેક તા.૧૫/૦૫/૨૦૨૦ ના રોજના આંક–૨૩ વાળા રીટર્ન મેમા થી “ફંડ ઈનસફીસીયન્ટ” ના શેરા સાથે બેંકમાંથી વગર સ્વીકારાયે પરત ફરતા

ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે આરોપીને આંક–૨૪ વાળી લીગલ નોટીસ રજી.એ.ડી કાયદેસરના સરનામે મોકલાવેલ જે નોટીસ આરોપીને આંક–૨૫ વાળી નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી અને આંક–૨૬ વાળી એક્નોલેજમેન્ટથી સરનામે મળી ગયેલ હોવા છતા આરોપીએ ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોવાથી આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. હકારમાં**

**૨. આખરી હુકમ મુજબ**

(૮) ઉપરના નિર્ણયો સુધી પહોંચવાનાં મારા કારણો નીચે મુજબ છે.

આ કામે પડેલાં પુરાવાઓનું ચર્ચા કરીયે તો આ કામે સૌપ્રથમ ફરીયાદપક્ષ સાહેદ તરીકે આ કામના ફરીયાદી જાતે હાજર રહી આંક–૨૧ થી પોતાની સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન ફરીયાદની હકીકત જણાવેલ હોય. જેથી તેનું પુરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

સદર કેસની ઉલટતપાસ આરોપીના વિ.વકીલ ડી.બી.રોહીત દ્વારા કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવે છે કે, એ વાત ખરી છે કે હાલની ફરિયાદ તેઓએ નોવેલ્ટી કિરાણા સ્ટોરના માલીક તરીકે કરેલ છે. એ વાત ખરી છે કે તેઓ નોવેલ્ટી કિરાણા સ્ટોરના માલીક હોય તેવુ દર્શાવતો કોઈ

પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તેઓની ફરિયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામાં કયાંય આરોપીને કઈ તારીખે કરીયાણું આપેલું હતું તેનો કોઈ ઉલ્લેખ કરેલો નથી. એ વાત ખરી છે કે કોઈ પણ દુકાનદાર દુકાનનો માલનો સ્ટોક અને વેચાણની નોંધ રાખતા હોય છે. એ વાત ખરી છે કે તેઓ કોઈ ગ્રાહકને માલ ઉધાર આપે તો તેની ખાતાવહીમાં નોંધ કરે છે. એ વાત ખરી છે કે તેઓની ફરિયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામાં કયાંય આરોપીને કઈ તારીખે કરીયાણામાં કયો માલ કેટલા વજન વાળો આરોપીને ઉધાર આપ્યો હતો તેવું કયાંય જણાવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામના આરોપીને માલ ઉધાર આપેલ હોય અને તેની નોંધ ખાતાવહીમાં કરી હોય તો તેવી કોઈ નોંધ હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી અવાર નવાર તેઓની પાસેથી માલ લઈ જતા હોવાથી તેઓના પરિચયમાં હતા. એ વાત ખરી છે કે તેઓની ફરિયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામાં કયાંય આરોપીએ કઈ તારીખે તેઓને ચેક આપેલો હતો તે તેઓએ જણાવેલ નથી. તેઓને આંક–૨૨ વાળો ચેક બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે તેમાં સહી સિવાયની તમામ હકીકતો અંગ્રેજીમાં લખેલી છે. એ વાત ખરી છે કે આંક–૨૨ વાળા ચેકમાં નામ, ફિગર, અને તારીખ તેઓના હસ્તાક્ષરમાં લખાયેલ છે. એ વાત ખરી નથી કે આંક–૨૨ વાળા ચેકમાં તેઓએ જયારે વિગતો ભરી ત્યારે આરોપી તેઓની સાથે હાજર ન હતા. આંક–૨૨ વાળો ચેક કઈ તારીખની મીતીનો હતો તે હાલ તેઓ કહી શકે નહી. તેઓને આંક–૨૨ વાળો ચેક બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તારીખ ૨૦/૩/૨૦૨૦ લખેલી છે. એ વાત ખરી છે કે આંક–૨૨ વાળો ચેક તેઓએ તા.૨૦/૩/૨૦૨૦ નાં રોજ બેન્કમાં ભરેલ ન હતો. આ આંક–૨૨ વાળો ચેક બેન્કમાં કઈ તારીખે ભરેલ હતો તે હાલ તેઓ કહી શકે નહી. એ વાત ખરી છે કે તેઓની સરતપાસનું સોગંદનામું તેઓએ વાંચીને સહી કરેલ છે. આરોપીને નોટીસ કઈ તારીખે આપેલ હતી તે હાલ તેઓને યાદ નથી. એ વાત ખરી નથી કે તા.૨૦/૩/૨૦૨૦ પછી આરોપીને જાણ કર્યા સિવાય આ ચેક તેઓએ બેન્કમાં ભરેલ હતો. એ વાત ખરી નથી કે આ ચેક તેઓ બેન્કમાં કઈ તારીખે રજુ કરવાના છે તે અંગેની જાણ તેઓએ

આરોપીને કરેલ ન હતી. તેઓને આંક-૨૬ બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે તેમાં આરોપીને તેમની સહી થી જ બજેલ છે કે નહી તે તેઓ કહી શકે નહી. તેઓ દુકાન ધરાવતા હોય જી.એસ.ટી. નંબર મેળવેલ છે. દુકાનના હિસાબો તેઓના સી.એ. તૈયાર કરતા હોય માહે મે-૨૦૧૯ માં આરોપીને રૂપિયા એક લાખનું કરીયાણું આપેલ હોવાની હકીકત જી.એસ.ટી.માં દર્શાવેલ કે નહી તે હાલ તેઓ કહી શકે નહી. એ વાત ખરી છે કે તેઓને મે-૨૦૧૯ માં આરોપીને રૂપિયા એક લાખનું કરીયાણું આપેલ હોય અને તેનો જી.એસ.ટી.માં ઉલ્લેખ કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીને આપેલા માલના બીલની ઓફીસ કોપી આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક-૨૨ વાળા ચેક મુજબનું કોઈ કાયદેસરનું લેણું આરોપી પાસેથી નીકળતું નહી હોવા છતાં હાલની આ ખોટી ફરિયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ તેઓના કાયદેસરના લેણા બાબતે હાલનો આ આંક-૨૨ વાળો ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસે રૂપિયા એક લાખ નું કાયદેસરનું લેણું નીકળે છે તેવું દર્શાવતો પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીનો કોરો ચેક તેઓની પાસે પડી રહેલો તેનો દુરઉપયોગ કરી હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૯) ત્યારબાદ આ કામે ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ આરોપીનું વિશેષ નિવેદન નોધવા માટે કેસ મુકકર કરેલ અને આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીને બચાવના સાહેદ તપાસવા છે તથા સોગંદ પર જુબાની આપવી છે તેવુ જણાવેલ છે.

(૧૦) આ કામે પડેલાં પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલાં ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ (ક) તથા કલમ-૧૩૯ ના

પ્રબંધો ધ્યાને લેવાં જરૂરી જણાય છે જે પ્રબંધો નીચે મુજબ છે.

**કલમ–૧૧૮. વટાઉખત વિશે માની લેવાની બાબત:**

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામા આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

**કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:**

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

**(૧૧)** હવે આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનો ફરીયાદીનો કેસ ધી નેગો.ઈન્સટ્રુ.કલમ–૧૩૮ હેઠળ દાખલ થયેલ છે. જેથી ફરીયાદપક્ષના શીરે પોતાનો કેસ સાબીત કરવાની જવાબદારી રહેલી છે. પરંતુ સાથે સાથે સદર કાયદામાં ફરીયાદપક્ષના લાભમાં કેટલાંક કાયદેસરનાં અનુમાનો કરવામાં આવેલ છે. જે અનુમાનોમાં ઉપર જણાવ્યા મુજબ કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ ના અનુમાનો મુખ્યત્વે છે. સદર કાયદા મુજબના અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલી છે. એ સ્વીકૃત બાબત છે કે, સદર કાયદામાં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા

આરોપી માટે એ જરૂરી નથી કે આરોપીએ પોતાના બચાવ અંગેનો પુરાવો આપવા કોર્ટમાં હાજર થઈ સાક્ષી બોકસમાં ઉભા રહી પુરાવો રજુ કરવો જોઈએ. આ કાયદાકીય અનુમાનોનું ખંડન ફરીયાદપક્ષના રજુ થયેલાં પુરાવાઓ ઉપરથી પણ આરોપી કરી શકે છે.

**(૧૨)** હાલના કામે પક્ષકાર તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૨૧ થી સાહેદ તરીકે પોતાની સોગંદ પરની સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ પોતાની ફરીયાદને સમર્થન કરતા દસ્તાવેજી પુરાવા આંક–૨૨ થી આંક–૨૬ થી રજુ કરેલ અને સદરહુ દસ્તાવેજો સોંગદનામામાં આંક–૨૨ થી આંક–૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરેલા છે. વધુમાં આ કામે આંક–૨૩ થી રજુ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતા તેમાં ચેક નં. ૬૯૫૨૭૪ રકમ રૂા. ૧,૦૦,૦૦૦/– તે રીટર્ન થવાનું કારણ "ફંડ ઈનસફીસીયન્ટ" હોવાનું તથા તે ચેક રીટર્ન થયાની તા.૧૫/૦૫/૨૦૨૦ જણાય છે. સદર આંક–૨૨ થી રજુ તકરારી ચેક આંક–૨૩ રીટર્ન મેમા થી "ફંડ ઈનસફીસીયન્ટ" ના કારણે પરત ફરતા ફરીયાદી એ પોતાના વકીલશ્રી મારફત આરોપીને રજી. એડી. આંક–૨૪ વાળી લીગલ નોટીસ મોકલાવેલ જે આંક–૨૫ થી નોટીસ ઘરના સરનામે મોકલ્યા અંગેની રજી.એ.ડી પહોચ અસલ સફેદ પાવતી બજેલી હોવાનું જણાય છે આમ, આરોપીએ ફરીયાદીએ ચેકની રકમ ચુકવી આપેલ ન હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂઘ્ધ દાખલ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે સાબીત થાય છે.

હાલના કામે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી આંક–૨૬ સુધી દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે જે

ધ્યાને લેતા કલમ–૧૩૮ ના પ્રબંધો મુજબ ફરીયાદપક્ષ દ્વારા સમય મર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં આંક–૨૧ થી પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદની હકીકતનું પુનરાવર્તન કરેલ છે તથા તેઓની ઉલટતપાસમાં આરોપીપક્ષ દ્વારા મુખ્યત્વે ફરીયાદીએ આરોપીને કરીયાણું કઈ તારીખે આપેલ હતુ તેની હકીકતનો ફરીયાદમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી અને તેના કોઈ ચોપડાઓ રજુ કરેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ છે. વધુમાં આરોપીએ કઈ તારીખે ફરીયાદીને ચેક આપેલ તે હકીકત ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામાં દર્શાવેલ નહી હોવાનો અને ચેકમાં ભરવામાં આવેલ વિગત બાબતનો અને લખાણ બાબતનો બચાવ લેવામાં આવેલ છે. વધુમાં તેઓએ આક્ષેપીત ચેકની રકમ જી.એસ.ટીમાં દર્શાવેલ છે કે કેમ તે બાબતની શંકા ઉત્પન્ન કરી બચાવ લીધેલ છે. આ સિવાય આરોપીપક્ષ દ્વારા ફરીયાદીને નાણાંકીય વ્યવહાર બાબતે કે તેઓ પાસે આરોપીનો ચેક શા કારણોસર આવેલ તે બાબતે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. જેથી તે સંજોગોમાં આરોપીનો ચેક ફરીયાદી પાસે કોઈ કાયદેસરના લેણા પેટે રહેલ હોવાની હકીકત હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં આરોપીપક્ષ દ્વારા નાણાંકીય વ્યવહાર બાબતે પણ બચાવ લેવામાં આવેલ નથી જેથી તે સંજોગોમાં ફરીયાદી અને આરોપી વચ્ચે નાણાંકીય વ્યવહાર થયેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં આરોપી પક્ષ દ્વારા લેવામાં આવેલ બચાવના સમર્થનમાં કોઈ પુરાવો આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી તે સંજોગોમાં ફરીયાદીનું લેણું કાયદેસરનું હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં હાલના કામે આરોપીના વિશેષ નિવેદનમાં તેઓને ચેક બાબતે પુછવામાં આવેલ પ્રશ્નમાં તેઓએ માત્ર "ના" તેવું લખેલ છે, અન્ય કોઈ વિશેષમાં ખુલાસો કે બચાવ કરેલ નથી. વધુમાં આરોપીપક્ષ દ્વારા આંક–૩૫ થી તેઓનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આરોપી હાજર ન રહેતા આરોપીનો સદર પુરાવો આંક–૩૮ તળે હુકમ કરી ડિસ્કાર્ડ કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ આરોપીપક્ષને તેઓના વિરૂદ્ધ પડેલ પુરાવા બાબતે ખુલાસો કરવાની તક આપેલ હોવા છતાં આરોપી હાજર થયેલ નથી. જેથી તેઓનો તે હક્ક પણ બંધ કરવામાં આવેલ હતો અને

ત્યારબાદ આરોપી અને તેના વિદ્વાન વકીલશ્રી દલીલના તબક્કે પણ હાજર રહેલ નથી આમ ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેવામાં આવે તો આરોપીપક્ષ દ્વારા માત્ર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને જેમાં પણ ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આરોપીપક્ષ ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાઈ આવે છે તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ તેવું મારૂ નમ્રપણે માનવું છે.

આમ, ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત પુરવાર કરવા રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા બચાવપક્ષે જે ઉલટતપાસનો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ છે તેનાથી ફરીયાદીની ફરીયાદ ખોટી હોવાનું તથા રજુ કરેલા પુરવા ખોટા હોવાનું પુરવાર થતું નથી. એથી વિરૂઘ્ધ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન કરતા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ આ કામે રજુ થયેલા હોવાનું પ્રથમદર્શનીય રીતે સાબીત થાય છે.

**(૧૩)** ઉપર મુજબની તમામ હકીકતો ધ્યાને આરોપી ધ્વારા કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયેના કાયદેસરના અનુમાનોનું ખંડન કરવામાં આવેલ ન હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થયેલ છે. જયારે આરોપી કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ જાય ત્યારે ફરીયાદી ધ્વારા પોતાની ફરીયાદના સમર્થનમાં ફરીયાદવાળા વ્યવહાર અંગે રજુ થયેલા પુરાવાઓને ન માનવાને કોઈ કારણ જણાતું નથી. વધુમાં આરોપી આ કામે કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદાકીય અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું પ્રથમ દર્શને ફલીત થાય છે. વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવ્યા મુજબ આ કામના આરોપી ફરીયાદી પાસેથી સને–૨૦૧૯ ના મે માસમાં ઘરે લગ્ન પ્રસંગ હોય રૂ.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરાનું અનાજ કરીયાણું બાકી (ઉધાર) લઈ ગયેલા

અને તેની પરત ચુકવણી પેટે આરોપીએ આપેલ ચેક રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરાનો ફરીયાદવાળો આંક–૨૨ વાળો ચેક આપેલ અને તેના સમર્થનકારી પુરાવા રૂપે ફરીયાદીએ આંક–૨૨ થી આંક–૨૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આમ, ફરીયાદવાળો આંક–૨૨ વાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાનું તથા તે ચેક આ કામે આરોપી તરફે "ફંડ ઈનસફીસીયન્ટ" ના કારણોસર પરત ફરેલ હોવાની હકીકત આંક–૨૩ વાળા રીટર્ન મેમાના પુરાવાથી ફરીયાદીએ પુરવાર કરેલ છે. વધુમાં આંક–૨૨ થી આંક–૨૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૪૬ નો પ્રબંધ ધ્યાને લેતા પણ આંક–૨૩ થી રજુ થયેલ રીટર્ન મેમોએ ચેક રીટર્ન થયેલ હોવા અંગેનો પ્રાઈમરી પુરાવો હોય આંક–૨૨ વાળો ચેક ફંડ ઈનસફીસીયન્ટ ના કારણે આરોપીના ખાતામાંથી વગર સ્વીકારાયે પરત ફરેલ હોવાનું પુરવાર થાય છે. તથા ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવ્યા પ્રમાણેની લેણી રકમ માટે આરોપીએ આ કામે પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોવાથી ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના કાયદેસરના અનુમાનોનું ખંડન આરોપીએ કરેલ નથી. જેથી પણ ફરીયાદીના લાભમાં તે કાયદેસરના અનુમાનો અત્રેની અદાલતે કરવાના રહે છે. આમ, આ કામે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ આપેલ તકરારી ચેકની રકમ **રૂા.૧,૦૦,૦૦૦/–** અંકે રૂપિયા એક લાખ પુરા આરોપીએ ફરીયાદીને નહીં ચુકવેલાની હકીકત પુરવાર થતી હોય આરોપીએ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદ હકીકત નિ:શંકપણે ફરીયાદીએ પુરવાર કરેલ છે.

જેથી ઉપર મુજબની તમામ ચર્ચા તથા હકીકતો અને સંજોગો

ધ્યાને લઈ **મુદ્દા નં. ૧** ફરીયાદીએ પોતાના પુરાવાથી પુરવાર કરેલ હોય તેનો નિર્ણય **હકારમાં** આપી મુદ્દા નં.ર ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>-:હુકમ:-</u>**

આ કામનાં આરોપી **ભાવેશકુમાર કિરીટભાઈ સોલંકી** રહે. સીમલજ, હે.સોલંકી ફળિયું, તા.ઠાસરા જી.ખેડાનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-ર૫૫(ર) અન્વયે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનું કામ આરોપીને કુદરતી ન્યાયના સિધ્ધાંત ધ્યાને લઈ સજાનાં મુદ્દે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૯ મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ. **(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
તારીખ : ૨૯/૦૭/૨૦૨૬ એડિશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
**(JUDGE CODE GJ-01692)**

**<u>–:સજા અંગે સાંભળ્યા:–</u>**

આ કામે આરોપીનો પોકાર કરાવતા તેઓ કે તેમના વિ.વકીલશ્રી હાજર રહેલ નથી.

ફરીયાદપક્ષ તરફે ફરીયાદીના વિ.વ.શ્રી બી.એસ.સોલંકીનાઓનો પોકાર કરાવતા તેઓએ હાજર રહી રજુઆત કરેલ છે કે, હાલના કેસમાં આરોપીએ ફરીયાદી પાસેથી લિધેલ ઉધાર કરીયાણાની ફરીયાદવાળી રકમ પરત કરેલ ન હોય જેથી આરોપીને મહત્તમ સજા તથા દંડ કરવા તથા ફરીયાદીને વળતર અપાવવા અરજ કરેલ છે.

આ કામે ગુનાનો પ્રકાર તથા ફરીયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાનમાં લેતાં આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો સાબિત થયેલ છે. આ કામે આરોપી સાથેનો ફરીયાદવાળો વ્યવહાર ૨૦૧૯ ના અરસાનો હોય અને સબબ કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ થતાં સુધી પાંચ વર્ષ થી વધુ નો સમય પસાર થઈ ચુકેલ છે. વળી, આજના સમયમાં આ પ્રકારના કેસો દિનપ્રતિદિન વધી રહેલાં છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુળભુત હેતુ, સમાજમાં નાણાંકીય વ્યવહારો સંબંધે પારદર્શિતા આવે અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ આપતા સમયે એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ભરોસાની લાગણી જળવાય રહે, તે માટે જ આ કાયદો ઘડવામાં આવેલો છે. આ સંજોગોમાં આ ગુનાને હળવાશથી લઈ શકાય તેમ નથી. જેથી આ કામ આરોપીને ચેકની રકમનો દંડ કરી તે રકમ વળતર તરીકે ફરીયાદીને અપાવવું ન્યાયોચિત જણાય છે. આમ, આરોપીની રેકર્ડ ઉપરની ગેરહાજરી અંગેની વર્તણુંક ધ્યાને લેતાં આરોપીને પ્રમાણસરની સજા તથા ચેકની રકમનો દંડ કરવો ન્યાયોચિત જણાતું હોય

અને તે રીતે હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે, તેમ મારું માનવું છે. જેથી આ કામે નીચે મુજબનો હુકમ કરું છું.

**–:: આખરી હુકમ ::–**

૧. આ કામનાં આરોપી **ભાવેશકુમાર કિરીટભાઈ સોલંકી** રહે. સીમલજ, ઠે.સોલંકી ફળિયું, તા.ઠાસરા જી.ખેડાનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ **૧ (એક) વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપીને વાદગ્રસ્ત ચેકની રકમ **રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો આથી દંડનો** હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર **દંડની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા** આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો આરોપીએ વધુ દિન–૩૦(ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે આરોપીનો પોકાર કરાવતા આરોપી હાજર રહેલ નથી. સદર કેસ ૨૦૨૦ ના વર્ષનો છે અને આરોપી દ્વારા કેસની ઈન્સાફી કાર્યવાહી સતત ગેરહાજર રહી વિલંબિત કરેલ હોવાથી આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી.કલમ–૪૧૮(૨) મુજબ સદર ચુકાદો

જાહેર કરવો ન્યાયોચિત જણાતુ હોય આરોપીની ગેરહાજરીમાં સદર ચુકાદો જાહેર કરવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે **એસ.પી.શ્રી નડીયાદ(ખેડા)**નાઓને મોકલવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૯ મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઉમરેઠ
તારીખ : ૨૯/૦૭/૨૦૨૬

**(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)**
એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
**(JUDGE CODE GJ-01692)**

D.M.Talpada-Steno.